અરવલ્લી જિલ્લામાં ભાજપે ચૂંટણી માટે તૈયારીઓ આરંભી

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લામાં આજે રવિવારે તમામ ત્રણ વિધાનસભા ક્ષેત્રના ૬ તાલુકા અને બે શહેરોના ૧૪૩ શક્તિ કેન્દ્રો ઉપર જે તે તાલુકા પંચાયત બેઠકદીઠ એક એવી ૧૨૮

શક્તિ કેન્દ્રોમાં ગ્રામ્ય વિસ્તારમાં અને બે પાલિકા વિસ્તાર વોર્ડદીઠ ૧૫ શક્તિ કેન્દ્રો શહેરી વિસ્તારમાં ભાજપ કાર્યકર્તા બેઠકો યોજાઈ હતી જેમાં જિલ્લા અને તાલુકા સ્તરના પક્ષના અગ્રણીઓએ બેઠકો લઈ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ અને જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે રાજલી તા.પં. બેઠકના શક્તિકેન્દ્રની નાની ઈસરોલ ગામે યોજાયેલ બેઠકને સંબોધી હતી અને વર્તમાન રાજકીય પ્રવાહો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના વિભિન્ન રાજ્યોમાં સબકા સાથ સબકા વિકાસ મંત્ર દ્વારા લોકોના કલ્યાણના કામો થકી વ્યાપક લોકચાહના મેળવી જે રીતે ઉત્તર પ્રદેશમાં ઐતિહાસિક જનાધાર મેળવ્યો તે વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની જોડીની કુનેહભરી જહેમતને આભારી છે. હવે ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી કોઈપણ સમયે આવે તો પણ કાર્યકર્તાએ તૈયાર રહેવા અનુરોધ કર્યો હતો.

મહામંત્રી શામળભાઈ હોટેલ ચારણવાડા તા.પં. ની બેઠકના શક્તિ કેન્દ્ર ઉપર બેઠક લઈ જ્યારે નાની ઈસરોલ આવી પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરાયું હતુ. તેમણે નાની ઈસરોલની બેઠકમાં ઉત્તર પ્રદેશમાં આમજનતાએ ભાજપને ખોબલે ખોબલે મતો આપ્યા તેના ઉંડાણમાં જઈ કહ્યું કે ત્યાંના લોકોને હવે વિકાસમાં રસ જાગ્યો છે, ઉત્તરપ્રદેશની જનતાએ બિનભાજપી સરકારો વર્ષો સુધી જોઈ છે, તેમાં અસલામતી, અંધાધુધી અને અશાંતિ, ગુંડાગીરીથી જનતા ત્રાસી ગઈ હતી. લોકોએ પોતાની સલામતી અને વિકાસ માટે વડાપ્રધાનના સબ કા સાથ સબકા વિકાસમાં વિશ્વાસ મૂકયો છે. જ્યારે જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે આગામી વિધાનસભામાં ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો સાથે જંગી બહુમતી મેળવી દેશમાં ગુજરાતના વિકાસના મોડેલને મળેલ આવકારીને ચાર ચાંદ લગાવવા કાર્યકરોને અપીલ કરતા કહ્યું કે ઉત્તરપ્રદેશમાં ૩૦૦ તો ગુજરાતમાં ૧૫૦ બેઠકો... તેવા પક્ષના નિર્ધારને આપણે સાર્થક કરવાનો છે.

આ બેઠકમાં રાજલીથી દિનેશભાઈ પુજારા, મોટી ઈસરોલથી રમેશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેક, કમલેશ પટેલ જ્યારે વરથુ સરપંચ પ્રવીણભાઈ પટેલ, દેવકરણભાઈ કે. પટેલ, હરેશ વણકર સહિતના કાર્યકરો અને સુરપુરથી સરપંચ ભુપતસિંહ જ્યારે નાની ઈસરોલના સ્થાનિક આગેવાનો-કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ અગાઉ ટીટોઈ ગામે પણ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં અમદાવાદ શહેરી વિસ્તારમાં ભાજપના કાર્યકર અને નિવૃત્ત આચાર્ય જીતેન્દ્રરાય ભટ્ટ, સ્થાનિક કાર્યકરો મુળજીભાઈ પંડ્યા, આચાર્ય અને સેવા મંડળીના ચેરમેન હીરાભાઈ ડી.પટેલ, વાડીલાલ વોરા વગેરે સહિત કાર્યકરો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

મોડાસામાં મહાવીર સ્વામીની જન્મજયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી

મોડાસામાં આવેલા ૫૭ જીનાલય જીરાવાલા પાશ્વનાથ જૈન દેરાસરમાં મહાવીર સ્વામીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લામાં રહેતા જૈન સમુદાયના લોકો મોટી સંખ્યામાં ભગવાન મહાવીર સ્વામીની પૂજા અર્ચનામાં લીન બન્યા હતા. જીનાલયમાં મહાવીર સ્વામી જન્મ જયંતિ નિમિત્તે જૈન મુનિઓ દ્વારા મહાવીર સ્વામીનો ઉપદેશ આપવામાં આવ્યો હતો.

છાલા ગામે શ્રી હનુમાન જન્મજયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

તાલુકાના છાલા ગામે ચૈત્રસુદ પૂનમે તા. ૧૧મી એપ્રિલે મંગળવારના રોજ શ્રી હનુમાન જયંતિ મહોત્સવ નિમિત્તે અંબાજી માતાજીના મંદિરથી શ્રી હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા બપોરે ૩ કલાકે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા તાલુકા સદસ્યો, આજુબાજુ ગામોના સરપંચો, ભક્તજનો શ્રી હનુમાનજીની મહાઆરતી કરી શોભાયાત્રાનો શુભારંભ કરાવશે. આ શોભાયાત્રા ગામમાં ફરીને સાંજે ૬ કલાકે અંબાજી માતાના મંદિરે પરત ફરી પ્રસાદ લઈ શોભાયાત્રાની પૂર્ણાહૂતિ થશે. આ મહોત્સવમાં સૌ ભક્તજનો પધારવા ભાવભીનુ આમંત્રણ હિન્દુ સમાજ-છાલા દ્વારા પાઠવવામાં આવ્યું છે.

વડોદરા ખાતે સધી માતાજીના મંદિરે શતચંડી યજ્ઞ યોજાયો

ચિલોડા, તા.૯

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામમાં માઢવાળી સધી માતાજીના મંદિરે શતચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્ર સુદ અગિયારસના દિવસે દિકરા દિકરીઓનું નામકરણ કરવાની માન્યતા મુજબ ગામમાં જન્મેલ નવ દિકરા-દિકરીઓના નામકરણ મંદિર ખાતે કરવામાં આવ્યા હતા. માતાજીના શિખર પર સાત ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંતો, મહંતો અને વડોદરા સહિતના આસપાસના મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

૨૫ હજાર કરોડની જમીન ફાળવણી કૌભાંડનો આક્ષેપ

વાઇબ્રન્ટ સમિટમાં ઉદ્યોગકારોને પાંચ વર્ષમાં પાણીના ભાવે ૩,૭૭,૪૯,૫૫૫ ચો.મી. જમીન ફાળવણી કરાઈ

અમદાવાદ, તા.૮

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં એમઓયુ કરેલા ઉદ્યોગકારોને પાણીના ભાવે ફાળવેલ જમીન બાબતે સરકારની પોલ ખુલી ગઈ છે. ભાજપ સરકારે ગુજરાતની કરોડો ચો.મી કિંમતી જમીન પોતાના મળતિયા ઉદ્યોગપતિઓને પધરાવી દીધી અને બીજીબાજુ રાજયના લાખો નાગરિકોને તેમના હક્કના ૫૦ અને ૧૦૦ ચો.મીના પ્લોટ ન આપીને ભાજપ સરકાર અન્યાય કરી રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં એમઓયુ કરેલ ઉદ્યોગકારોને છેલ્લા પાંચ વર્ષમાં ફાળવેલ કિંમતી જમીન છતાં ગુજરાતના યુવાનોને રોજગાર આપવામાં અને મુડીરોકાણ કોઈ નક્કર ફાયદો જણાતો નથી. ત્યારે જુદા જુદા ઉદ્યોગકારોને ફાળવેલ સરકારી ખરાબા, નાળલેન્ડ અને ખાર ખરાબાની ૧,૫૯,૪૫,૭૧૭ ચો.મી અને ગૌચરની ૪,૧૦,૮૪૪ ચો.મી જમીન એમ કુલ ૩ કરોડ ૭૭ લાખ ૪૯ હજાર ૫૫૫ ચો.મી અને ગૌચરની ૪,૧૦,૮૪૪ ચો.મીના જમીન એમ કુલ ૩ કરોડ ૭૭ લાખ ૪૯ હજાર ૫૫૫ ચો.મી ૩,૭૭,૪૯,૫૫૫ જમીનના બજારભાવ મુજબના ભાવ આ ઉદ્યોગકારો પાસેથી વસુલવાની માંગણી કરતા પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કોસ્ટલ ગુજરાત પાવર લિ. દીપક સિમેન્ટ કેમીકલ લિ., સુરખાબ બર્ડ રીસોર્ટ અને એબીજી સિમેન્ટ લિ.ને કચ્છ જિલ્લામાં પથી લઈને ૨૦ પ્રતિ ચો.મીના ભાવે સરકારી પડતર અને ખરાબાની કરોડો ચો.મી જમીન ફાળવવામાં આવી છે, જ્યારે બીજી બાજુ દેશના નાગરિકોની સલામતી અને સેવામાં કાર્યરત ભારતીય તટરક્ષક દળને ૧,૦૫,૨૨૨ ચો.મી સરકારી પડતર જમીન ૩૮૫૮ પ્રતિ ચો.મીના ભાવે ફાળવવામાં આવી છે. ગુજરાતની ભાજપ સરકારનું ૨૫ હજાર કરોડનું સરકારી જમીન ફાળવણી કૌભાંડ છે.

જો આ કોભાંડની તટસ્થ તપાસ થાય તો તત્કાલીન મુખ્યમંત્રીઓ અને મહેસુલ મંત્રીઓ જેલમાં જાય તેવો આક્ષેપ કરતાં કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, વાયટલ નંદર બાયો ફાર્માને પાટણ જિલ્લામાં ૭૯,૬૨,૩૫૩ ચો.મીના જમીન સરકારી જમીન પહેલા પાંચ વર્ષમાં કાંઈ ભાંડુ નહીં લેવાની અને ત્યારબાદ એકરના ૪૦ રૂપિયાના મામુલી ભાડા પેટે ફાળવવામાં આવી છે. ભરૂચ જિલ્લામાં સ્ટલીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ., જેબી, કેમીકલ, શુભમ સોલ્ટ વર્ક્સ, મહેસાણામાં હિમાલયા ઈન્ટરનેશનલ, મોરબીમાં અજંતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ અમરેલીમાં સિન્ટેક્ષ પ્રા.લિ વલસાડમાં તુલસી બાયો સાયન્સીસને નજીવા દરથી લાખો ચો.મી સરકારી જમીન ફાળવણી કરી ભાજપ સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

પારો ઉંચકાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આજે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી પહોંચી જતા વસાહતીઓએ ભારે ગરમી અનુભવી હતી. ભારે ગરમીના કારણે અને રજાના કારણે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. ગરમીથી રાહત મેળવવા માટે સાંજે વસાહતીઓ બગીચાઓમાં ઉભરાયા હતા. મોડી રાત સુધી અહીં બેસીને વસાહતીઓએ ઠંડકની મજા માળી હતી.

સંખ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લામાં શિક્ષણની કથળતી જતી સ્થિતિ અંગે જો સમયસર પગલાં નહિ લેવાય તો સરકારી શાળાઓ બંધ કરવાની નોબત આવશે. સરકારી માધ્યમિક શાળાઓ પણ નગરમાં અને જિલ્લામાં ૪ જ બચી છે. તો પ્રાથમિક શાળાઓમાં સંખ્યાનો મુદ્દો પણ સત્તાવાળાઓને નડી રહ્યો છે.

ગાંધીનગર શહેરની શિક્ષણ વ્યવસ્થા જોવા માટે પ્રા.શિ. અધિકારીની જગ્યા ચાર્જમાં ચાલે છે તેમજ જિલ્લામાં પણ સંખ્યા વૃદ્ધિ માટેનું અલાયદુ અભિયાન હાથ ધરવામાં આવે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે.

નિમણુંકો અપાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૧૧૭ જેટલા ઉમેદવારો સફળ થયા હતા તેમને પણ નિમણુંકો આપવામાં આવનાર છે. આ પછી એકાદ સપ્તાહમાં વધુ એકવાર નિમણુંક પત્રો આપવાનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ગૌણ સેવા આયોગ દ્વારા ૪૪૦૦ જેટલા ઓફિસ આસિટન્ટ અને જુનિયર ક્લાર્ક સંવર્ગની સફળ ઉમેદવારોની વિગતોની ચકાસણી અને ખરાઈની કામગીરી હાલ ગતિમાં છે જે પૂર્ણ થઈ જતાં જ આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

મંડળની બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા અમદાવાદમાં એક મહત્વની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં સરકારના નવા સૂચિત કાયદા સામે કઈ રીતે લડત આપવી તે મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આજની બેઠકમાં રાજયના જુદા જુદા જિલ્લાઓમાંથી સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓળખાણ થઈ છે તેમાં એક ૨૦ વર્ષના મોહમ્મદ અબ્બાસ અને બીજો ૧૫ વર્ષનો ફૈઝાન અહેમદનો સમાવેશ થાય છે. સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે ચાલેલા આ સંઘર્ષમાં કુલ ૪૦ લોકોને વત્તા ઓછા અંશે ઈજા પણ પહોંચવા પામી છે. અધિકારીઓના અનુસાર મતદાન કેન્દ્રો ઉપર ફરજ પર મુકવામાં આવેલા બીએસએફના જવાનોએ પાંચ ગોળી ચલાવી કેમ કે તેમની પાસે પેલેટ ગન ન હતી. હિંસાના કારણે મતદાન ઉપર પણ ખરાબ અસર પડવા પામી હતી.

કાયદો જરૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બદનામ કરે છે. આ સાથે જ તેમણે કહ્યું કે, કાયદાની મર્યાદામાં રહી ગાયોની રક્ષા કરવાની કાર્યવાહી ચાલુ રહેવી જોઈએ. ભાગવતનું આ નિવેદન એ સમયે આવ્યું છે કે જ્યારે કહેવાતા ગૌભક્તો દ્વારા રાજસ્થાનમાં એક વ્યક્તિની હત્યા કરી નાંખવામાં આવ્યા બાદ દેશભરમાં રાજકીય હલચલ મચી ગઈ છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ નેતા સચિન પાયલોટે પણ આ મામલે ભાજપને આડેહાથ લેતા કહ્યું કે, એન્ટી રોમિયો દળ હોય, લવ જેહાદ હોય, ગૌરક્ષકો દ્વારા ગેરકાનૂની કામો થતાં હોય આ તમામ સામે સખત કાર્યવાહી થવી જોઈએ. આ તમામ વાતોથી એક વાત સ્પષ્ટ થાય છે કે, ભાજપની સરકાર સમગ્ર દેશમાં બળજબરીથી પોતાની વિચારધારા થોપવાનો પ્રયાસ કરે છે અને ભાજપનો અસલી એજન્ડા લોકોની સામે આવી રહ્યો છે.

મધ્યપ્રદેશમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

બુથ અધિકારીઓને એક અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ ચૂંટણી પંચ સમક્ષ બુથ કેપ્ચરિંગ અંગેની પણ ફરિયાદ કરશે. કોંગ્રેસના નેતા સત્યદેવ કટારેના અવસાન બાદ ખાલી પડેલી ભિંડની અટેર બેઠક પર આજે પેટાચૂંટણી માટે મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે સત્યદેવ કટારેના પુત્ર હેમંત કટારેને ચૂંટણી જંગમાં ઉતારવામાં આવ્યા હતા.

જહાજ બચાવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘણા લાંબા સમયની શાંતિ બાદ થવા પામ્યો હતો. અચાનક હુમલો થતાં વેપારી જહાજમાં રાખવામાં આવેલી ભયસૂચક સાયરન વગાડવામાં આવતા ભારત તરફથી નૌસેનાએ પોતાના બે જહાજ આઈએનએસ મુંબઈ અને આઈએનએસ તરક્ષને એ દિશા તરફ આગળ વધાર્યા હતા.જહાજ એ સમયે સમુદ્રમાં તૈનાત એવા ચાર જહાજોની સાથે જોડાઈ ગયા. ભારતીય નૌસેનાના પ્રવક્તાના કહેવા અનુસાર અમે જ્યારે વેપારી જહાજના કેપ્ટનનો સંપર્ક કર્યો તે સમયે કેપ્ટન તેના ક્રૂ મેમ્બરો સાથે એક સ્ટ્રોંગરુમમાં બંધ કરી દેવાયા હ તા.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

પુરાવા ચકાસવાનો અધિકાર સબ રજીસ્ટ્રારને નથી તેથી પણ બનાવટી દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી અન્ય ત્રાહિતની મીલ્કત બારોબાર વેચાણ કરી ઠગાઈ કરવાના જમીન હડપવાના બનાવોમાં વધારો થશે.

રાજય સરકારે તાત્કાલીક આ પરિપત્રમાં જરૂરી કાયદાકીય સુધારો કરી નવા પરિપત્રો જારી કરવા પડશે નહિતર રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની જોગવાઈના ભંગ સમાન હાલના પરિપત્રથી ઘણી જ મોટી મુશ્કેલીઓ સર્જાશે તથા લીટીગેશનમાં વધારો થશે બોનાફાઈડ પરચેઝર તથા મીલ્કતના ખરા માલીકની ઓળખ કરવી મુશ્કેલ થશે ખોટા બેનામી વ્યક્તિ દ્વારા બારોબાર અન્યની મીલ્કત વેચાણ કરવાના કિસ્સા વધશે અને સરકાર, ખેડૂતો તથા મીલ્કત ધારકને ના છુટકે કોર્ટ કેસોમાં ઉતરવું પડશે હાલમાં તો સરકારી મીલ્કતના વેચાણ દસ્તાવેજ માટે રજુ કરવામાં આવે તો પણ નવા પરિપત્ર મુજબ સબ રજીસ્ટ્રાર ના પાડી શકે નહિ તેવી જોગવાઈઓનો લેભાગુ વ્યક્તિઓ ભુમાફિયાઓ અને ઠગાઈ કરનારા ભરપુર પ્રમાણમાં લાભ મેળવશે જેનો ભોગ સામાન્ય વ્યક્તિ બનશે નવા પરિપત્રમાં કાયદાકીય ગુંચ તાત્કાલીક ઉકેલાની માંગ આમ જનતામાં ઉઠવા પામી છે.

અતિતની આજ ● ૪ પોનાનું ચાલુ...

શંકરસિંહ પણ મોદી-અમિત શાહના ગોત્રના જ હોવાથી અન્ય નેતાઓની પ્રતિષ્ઠા ખરડાય એવા વ્યૂહ રચવામાં ખૂબ નિષ્ણાત તો ખરા. મીડિયાનો ચસ્કો પણ ખરો. મીડિયાને ભાંડવા અને વાળી લેવાની ફાવટ પણ સારી. દિલ્હી જતાં પહેલાં બાપુએ સંકેત આપ્યા કે તેમને મહત્ત્વની જવાબદારી સોંપાઈ રહી છે. પાછું સ્પષ્ટતા પણ કરી કે ના, ભૈ એવું કાંઈ નથી. અમારી દિલ્હીની મુલાકાત રાહુલજી વિદેશથી પાછા ફર્યા હોવાથી અગાઉથી નક્કી કરાયેલી જ હતી. એ બેઠકમાં ભરતસિંહ પણ ચૂંટણીના વ્યૂહ અંગેની ચર્ચા થયાની વાત કરે ત્યારે એમના શબ્દો ગળે ઊતરે નહીં એ સ્વાભાવિક હતું. જોકે અમિત શાહને વિપક્ષના નેતાના કાર્યાલયમાં ચા પીવા સંમતિ આપનાર શંકરસિંહની છબિ પક્ષમાં પણ તોફાની બારકસ જેવી છે. ભરતસિંહ એ બાબતમાં સંભાળીને બોલવું કે કોની બાજુમાં ઊભા રહેવું અને કોને દૂરથી નમસ્કાર કરવા એ સુપેરે જાણે છે.

વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન કૉંગ્રેસના ધારાસભ્યો વારંવાર સભાત્યાગ કરી ગયા અથવા તો વિધાનસભાના અધ્યક્ષ થકી એમને સસ્પેન્ડ કરાયા. સત્તાપક્ષ અને વિપક્ષ બેઉની સંયુક્ત જવાબદારી બને છે કે સંસદીય લોકશાહીમાં પ્રજાના પ્રશ્નોને વાચા આપીને ઉકેલવામાં સક્રિયતા દાખવવી. ગુજરાત વિધાનસભામાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે મૈત્રીપૂર્ણ મુકાબલાનાં દેશ્યો જોવા મળે છે અને વિપક્ષ એવી તજવીજમાં હોય કે સત્તાપક્ષ માટે કોઈ મૂંઝવણ સર્જાય નહીં. માત્ર ગૃહમાં જ નહીં, ગૃહની બહાર પણ વિપક્ષ કૉંગ્રેસ થકી પ્રજાના પ્રશ્નોને વાચા આપવા કે આંદોલન કરવાને બદલે 'ફ્રેન્ડલી મેચ' રમાતી વધુ લાગે છે. બાપુને તેમની આ રમત પ્રજા ના સમજે એટલી ભોળી લાગતી હશે, પણ ગુજરાતની પ્રજા એટલી ભોળી નથી એનો પરચો એમની આરજેપીને રોકડી ચાર બેઠકો મળી ત્યારે જ મળી ગયો હતો.એટલે તો એમણે પક્ષનો વીંટો વાળીને આખું આયખું જેને ગાળું દીધી હતી એ કૉંગ્રેસના શરણે જવાનો વારો આવ્યો અને તોય કોઈ હજુ એમની છીંકણી લેતું નથી.

સરકારના કામકાજ અને ખર્ચની નિગરાની રાખતી બંધારણીય સંસ્થા 'કૅગ'ના હેવાલો વિધાનસભાની કાર્યવાહીના અંતિમ દિવસે જ ગૃહમાં રજૂ થતા હોવાને કારણે સરકારની ટીકા થઈ શકે નહીં. એ માટે પણ વિપક્ષનો પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ સહકાર પણ મળતો રહે છે.ગૃહમાં નહીં તો બહાર પ્રજા વચ્ચે તો ભાજપી શાસનના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડી શકાય, પણ પેલી ઍન્ફોર્સમેન્ટની તપાસનું પછી શું થાય? કારણ મોદી કાંઈ મનમોહનસિંહ નથી. વિધાનસભાની ચૂંટણી પૂર્વેના છેલ્લા અધિવેશનમાં પણ સત્તાપક્ષ અને વિપક્ષની જુગલબંધી જ ચાલતી રહી. વિધાનસભા ચૂંટણીમાં પણ મૈત્રીપૂર્ણ લડત થશે. જનતા સબ જાનતી હૈ.

- haridesai@gmail.com